સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સી (SARA)ની ગવર્નીંગ બોડીની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ-૧૦૨૦૧૭-૩૨૨૯૬-છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧.૦૯.૨૦૧૭

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૯/૦૪/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ સસુખા/CPD/૨૦૧૬-૧૭/૧૩૦૭ તથા તા.૩૦/૦૮/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃ સસુખા/CPD/૨૦૧૭-૧૮/૩૧૬.

(૨) એડોપ્શન રેગ્યુલેશન, ૨૦૧૭.

**આમુખ :-**

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સેન્ટ્રલ એડોપ્શન રીસોર્સ ઓથોરીટી (CARA), નવી દિલ્હી દ્વારા તા.૦૪/૦૧/૨૦૧૭ની અધિસૂચનાથી એડોપ્શન રેગ્યુલેશન-૨૦૧૭ બહાર પાડવામાં આવેલ છે. જેનો અમલ તા.૧૬/૦૧/૨૦૧૭ થી કરવામાં આવી રહેલ છે. એડોપ્શન રેગ્યુલેશન-૨૦૧૭ના પ્રકરણ-૬ના પેરા નં-૩૩(૧)(સી)માં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડીનું સંચાલન દત્તક અંગેની કામગીરી સંભાળતા રાજ્ય સરકારના વિભાગના અગ્ર સચિવશ્રી અથવા સચિવશ્રી દ્વારા કરવામાં આવશે અને એજન્સીની ગવર્નિંગ બોડીમાં નીચેના સભ્યો હશે.

૧. દત્તક અંગેની કામગીરી સંભાળતા રાજ્ય સરકારના વિભાગના ડિરેક્ટરશ્રી સભ્ય સચિવ રહેશે.

૨. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ અથવા હોસ્પિટલ વહીવટી તંત્રના ડિરેક્ટરશ્રી.

૩. બાળ કલ્યાણ સમિતિના અધ્યક્ષ. (સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડીના અધ્યક્ષશ્રી નક્કી કરે તે પ્રમાણે ક્રમાનુસાર એક વર્ષ માટે નામાંકન કરવામાં આવશે.)

૪. વિશિષ્ટ દત્તક એજન્સીના પ્રતિનિધિ. (સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડીના અધ્યક્ષશ્રી નક્કી કરે તે પ્રમાણે ક્રમાનુસાર એક વર્ષ માટે નામાંકન કરવામાં આવશે.)

૫. બાળ કલ્યાણ અને રક્ષણ ક્ષેત્રે દસ વર્ષથી સંકળાયેલ સિવિલ સોસાયટીના એક વ્યક્તિ.

૬. સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના એક સભ્ય.

**ઠરાવઃ**

વંચાણે લેવામાં આવેલ ક્રમાંક (૧)થી કરવામાં આવેલ દરખાસ્તને ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબના અધિકારીશ્રીને સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડીમાં સમાવિષ્ટ કરવામાં આવે છે.

| અનુ. નં | સભ્ય | સંખ્યા | હોદ્દો |
|---|---|---|---|
| ૧. | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર. | ૧ | અધ્યક્ષ |
| ૨. | નિયામકશ્રી, સમાજ સુરક્ષા-વ-મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, ગાંધીનગર. | ૧ | સભ્ય સચિવ |
| ૩. | કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર. | ૧ | સભ્ય |
| ૪. | મેમ્બર સેક્રેટરીશ્રી, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી, ગુજરાત હાઈકોર્ટ સંકુલ, સોલા, અમદાવાદ. | ૧ | સભ્ય |
| ૫. | ચેરપર્સનશ્રી, ચાઇલ્ડ વેલ્ફેર કમિટી. (સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડીના અધ્યક્ષશ્રી નક્કી કરે તે પ્રમાણે ક્રમાનુસાર એક વર્ષ માટે નામાંકન કરવામાં આવશે) | ૧ | સભ્ય |
| ૬. | વિશિષ્ટ દત્તક સંસ્થા (SAA)ના પ્રતિનિધિ. (સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ | ૧ | સભ્ય |

| | | | |
|---|---|---|---|
| | બોડીના અધ્યક્ષશ્રી નક્કી કરે તે પ્રમાણે ક્રમાનુસાર એક વર્ષ માટે નામાંકન કરવામાં આવશે) | | |
| ૭. | બાળ કલ્યાણ અને રક્ષણની કામગીરી સાથે દસ વર્ષથી સંકળાયેલ સિવિલ સોસાયટીના એક વ્યક્તિ. (સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડીના અધ્યક્ષશ્રી નક્કી કરે તે પ્રમાણે ક્રમાનુસાર એક વર્ષ માટે નામાંકન કરવામાં આવશે) | ૧ | સભ્ય |

એડોપ્શન રેગ્યુલેશન-૨૦૧૭ના પ્રકરણ-૬ના પેરા નં-૩૩(૧)(ડી)માં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડી રાજ્યમાં ચાલતી દત્તકની કામગીરી, દત્તક પ્રક્રિયામાં આવતા અવરોધ તેમજ લોજિસ્ટિક ઇશ્યુ બાબતે જ્યારે જરૂર જણાય ત્યારે તથા એડોપ્શનની કામગીરીની સમીક્ષા અર્થે ત્રણ મહિનામાં ઓછામાં ઓછી એક વાર રીવ્યુ બેઠક કરવાની રહેશે.

એડોપ્શન રેગ્યુલેશન-૨૦૧૭ના પ્રકરણ-૬ના પેરા નં-૩૩(૧)(ઈ)માં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે જો બર્થ-સર્ટીફીકેટ તથા પાસપોર્ટ કાઢી આપવાના તેમજ અન્ય સંલગ્ન બાબતો હોય તો સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડી ઉક્ત બાબતને સંબંધિત ઓથોરીટીને પણ બેઠકમાં આમંત્રિત કરી શકશે.

સ્ટેટ એડોપ્શન રીસોર્સ એજન્સીની ગવર્નીંગ બોડીએ એડોપ્શન રેગ્યુલેશન-૨૦૧૭ના પ્રકરણ-૬ના પેરા નં-૩૩(૨)માં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે કામગીરી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Desai

( જે વી દેસાઈ )
નાયબ સચિવ ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઇલ્ડ રાઇટસ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, માનવ અધિકાર આયોગ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે કલેક્ટરશ્રીઓ (મારફતે: સી.ઈ.ઓ., જી.એસ.સી.પી.એસ.).
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વે, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ/ જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- અધિક સચિવ/સંયુક્ત સચિવ/નાયબ સચિવશ્રીઓ/ઉપસચિવશ્રીઓ, સામજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (તેઓ હસ્તકની કચેરીના અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ).
- કમિશ્નરશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં. ૫/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી - સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (મારફતે : નિયામકશ્રી, સમાજ સુરક્ષા).
- સિલેક્ટ ફાઇલ.

---

* પત્ર દ્વારા.